ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરમાં પ્રજાસત્તાક પર્વનું રીહર્સલ યોજાયું





ગાંધીનગર, તા.૨૪

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓ સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે ચાલી રહી છે. ગાંધીનગર જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીનું રીહર્સલ રવિવારના રોજ યોજાયું હતું. ત્યારે આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ પરેડ,સાંસ્કૃતિક કાર્યક્રમ, મહાનુભાવો અને નગરજનોની બેઠક વ્યવસ્થા, પીવાના પાણી, શ્વાન અને અશ્વના અવનવા કરતબો, સહિત અન્ય વ્યવસ્થાની બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું. ગાંધીનગર શહેરના રામકથા મેદાન ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણીને અનુલક્ષી છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી છે. ગ્રાઉન્ડ ખાતે સાફ-સફાઈ બાદ સુંદર મજાનો શામિયાણો ઉભો કરાયો છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈ વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ કામે લાગી ગયા છે. ગાંધીનગર રામકથા મેદાન ખાતે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં મંત્રી ઉપસ્થિત રહીને ધ્વજવંદન કરાવશે. જયારે શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યકમો, પોલીસ જવાનો દ્વારા પરેડ, શ્વાન અને અશ્વ દ્વારા વિવિધ અવનવા કરતબો યોજાશે. મંગળવારના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં નગરજનો મોટીસંખ્યામાં હર્ષોઉલ્લાસ સાથે જોડાશે. ત્યારે નગરજનો તેમજ મહાનુભાવોની બેઠક અને પાણી વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. ત્યારે રવિવારના રોજ જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ રીહર્સલ નીહાળીને સ્થળનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરીને અધિકારીઓને જરુરી સુચનો કર્યા હતા.

# જિલ્લામાં પહેલીવાર કોરોનાના ૧૦થી ઓછા કેસ નોંધાયા

## ગાંધીનગર તાલુકામાં ૫ અને શહેરમાં ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના માત્ર નવ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૫ અને શહેરમાં ૪ કેસ નોંધાયા છે.

જિલ્લામાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયા બાદ પહેલીવાર ૧૦ થી ઓછા કેસ નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

આજે માત્ર ગાંધીનગર શહેર અને ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જ કેસો નોંધાયા છે તે પણ જિલ્લાતંત્ર માટે રાહતના સમાચાર બન્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે પાંચ કેસ નોંધાયા છે. આ પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તાલુકામાં આજે રાયસણ ગામે બે સરગાસણ ગામે બે અને પેથાપુરમાં એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૩૯૪૮ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૦ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર ૩૫૦૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે માત્ર ૪ કેસ નોંધાયા છે. આજે શહેરમાં એક મહિલા દર્દી સહિત ૪ કેસ નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. આજે સે. ૬, ૨૧, ૮ અને સે. ૨ માંથી કેસો મળી આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# શહેરમાં પારો ત્રણ ડિગ્રી ગગડતા ફરી ઠંડીનું મોજુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં ઠંડીની વધઘટ જારી રહી છે. એક દિવસમાં લઘુત્તમ તાપમાન પુનઃ ત્રણ ડિગ્રી જેટલુ ગગડતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. મોડી સાંજે ઠંડી વધતા વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા.

દેશના ઉત્તારીય પર્વતીય વિસ્તારોમાં છેલ્લા બે-ત્રણ દિવસથી હીમવર્ષા થઈ રહી છે. તેની અસર હેઠળ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીના મેદાની વિસ્તારો આવી ગયા છે અને અહીં કડકડતી ઠંડી પડી રહી છે. હાડ થીજવતી ઠંડીની અસર હેઠળ ગુજરાતના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિસ્તારો પણ આવી ગયા છે. પવનની દિશા સહેજ બદલાતા જ ઠંડી ખુબ જ આકરી બની જાય છે.

ગાંધીનગર શહેરમાં પણ ઉત્તર ભારતમાં થયેલી હીમવર્ષાની જાણે અસર પડી રહી હોય તેમ ખૂબ ઠંડી પડી રહી છે. ક્યારેક તાપમાન ઉંચકાય ત્યારે ઠંડીમાં રાહત મળે છે પરંતુ જેવો પારો બે આંકડાની નીચે જાય તેમ પુનઃ ઠંડી પડવા માંડે છે. છેલ્લા બે-ત્રણ દિવસથી પુનઃ ઠંડીએ જોર પકડ્યુ છે. ઠંડીનો પારો ઘટતા વસાહતીઓ આકરી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ૨૨મી જાન્યુઆરીના રોજ લઘુત્તમ તાપમાન ૮.૮ ડિ.સે. પહોંચી ગયુ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સ્ત્રી જન્મદરમાં ઘટાડો નોંધાતાં તંત્રમાં ચિંતા

ગાંધીનગર, તા. ૨૪

નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૫ માં ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી જન્મદરમાં ૨૫૩ માં ઘટાડો નોંધાતાં રાજ્ય સરકાર ચોંકી ઉઠી છે. એટલુ જ નહિ જિલ્લામાં પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. કાયદાનો કડક અમલ કરવા માટેના આદેશા આપ્યા છે.

આજે રાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી જન્મદરમાં નોંધાયેલા ઘટાડાએ તંત્રમાં સન્નાટો સર્જી દીધો છે.

મળતી વિગતો પ્રમાણે નેશનલ ફેમીલી હેલ્થ સર્વે ૪ (વર્ષ ૨૦૧૫-૧૬)માં જિલ્લામાં સ્ત્રી જન્મદર ૧૦૧૯ થયો હતો પરંતુ આજ સર્વેના ૫ મા તબક્કામાં તેમાં ૨૫૩નો ઘટાડો નોંધાયો છે. આ સર્વેમાં વર્ષ ૨૦૧૯-૨૦ના તારણો છે.




જિલ્લામાં સેક્સ રેસિયો એટ અર્થમાં જે તફાવત જોવા મળ્યો છે તેને લઈ સરકાર પણ ચોંકી ઉઠી છે. ૨૦૧૫-૧૬ ના સર્વેમાં ગુજરાત રાજ્યમાં સ્ત્રી જન્મદર ૯૫૫ હતો અને જિલ્લામાં તે ૧૦૧૯ હતો.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા ટેકો સ્ટેટ ઓફ હેલ્થની મોબાઈલ એપ મુજબ નવેમ્બર-૨૦૨૦ અંતિત જિલ્લાના કલોલ તાલુકામાં સ્ત્રી જન્મદર ૯૨૨, માણસામાં ૯૬૮, ગાંધીનગરમાં ૯૩૩, દહેગામમાં ૧૦૩૮ અને ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૨૦૦ નોંધાયો હતો. તેવો દાવો જિલ્લા તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી જન્મદર અંગે ભારત સરકારે પણ ચિંતા કરી હતી અને ભારત સરકારે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ ચાર્જ સંભાળ્યો ત્યારે આ બાબતે ગંભીર ધ્યાન દોરતો પત્ર પણ પાઠવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં બાળ જાતિદર સુધારવા, દિકરીઓના પોષણ અને શિક્ષણ માટે સારી કામગીરી કરનાર આંગણવાડી કાર્યકર, આશાવર્કરને આઈડેન્ટીફાય કરવા તેના માપદંડ નિયત કરવા આરોગ્ય વિભાગ તેમજ મહિલા બાળ વિકાસ વિભાગ સાથે મળી પસંદગી કરે અને તેમને પ્રોત્સાહિત કરવામાં આવે.

નવેમ્બર અંતિત જિલ્લામાં ૧૨ ગામ ઓળખી કાઢવામાં આવ્યા છે જ્યાં સ્ત્રી જન્મદર ૫૦૦ થી લઈ ૬૮૮ સુધી નોંધાયો છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૪ ગામોનો સમાવેશ થતો હતો.

જો કે ૨૦૧૪-૧૫ માં તત્કાલીન જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન હ. પટેલે સ્ત્રી જન્મદરને પ્રોત્સાહિત કરવા માટે સ્વભંડોળમાંથી રૂ. એક હજારનું બોન્ડ આપવાની યોજના તૈયાર કરી હતી અને તે વેળાએ દેના બેન્કે પણ રૂ. ૧૦૦નો તેમાં ઉમેરો કરી રૂ. ૧૧૦૦ નું બોન્ડ અપાતુ હતુ. પરંતુ આ પછી આ યોજનાને તંત્રએ સરળતા અને સફળતાપૂર્વક અભેરાઈએ ચડાવી હતી.

જિલ્લામાં ઘટતા જતા સ્ત્રી જન્મદર અંગે છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧માં થઈ ત્યારે ગાંધીનગર છેલ્લા ક્રમોમાં હતુ. ૨૦૨૦માં વસ્તી ગણતરી હાથ નથી ધરી શકાઈ પરંતુ હવે ૨૦૨૧નું નવુ વર્ષ શરૂ થઈ ચુક્યુ છે ત્યારે નેશનલ ફેમીલી હેલ્થ સર્વે પાંચને ગંભીરતાથી લઈ તંત્ર કામગીરી કરે તેવી લાગણી સમાજના તમામ વર્ગમાં પ્રવર્તી રહી છે.


જિલ્લામાં જે ચિત્ર ઉપસી આવ્યુ છે તે ચિંતાજનક છે. બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં ૭૫ થી વધુ ગામોમાં સેક્સ રેસિયો રાજ્યના અને જિલ્લાના દર કરતાં પણ ઓછો છે.

આરોગ્યતંત્રએ એક તબક્કે સાસુ સંમેલનો, ધાર્મિક સંસ્થાઓને પણ સાથે રાખી આ અંગેની જાગૃતિ માટેના કાર્યક્રમો કર્યા હતા. જો કે તેના આયોજનો પણ સમય જતાં વિસરાઈ ગયા છે.

જિલ્લામાં સીઝરીનથી પ્રસુતિ કરાવવામાં આવતી હોવાની ટકાવારીને લઈ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને પણ ચિંતા વ્યક્ત કરી હતી પરંતુ તંત્ર આ અંગે જેટલી સંવેદના બતાવવી જોઈએ તે બતાવવામાં નિષ્ફળ રહ્યુ હોવાની છાપ ઉપસી રહી છે.

જિલ્લામાં સેક્સ રેસિયો એટ અર્થમાં જે ૨૫૩નો ઘટાડો નોંધાયો છે તેને લઈ રાજ્યના આરોગ્ય મંત્રાલયે જિલ્લા સત્તાવાળાઓનું ધ્યાન દોર્યુ છે. આ ઉપરાંત સઘન મોનીટરીંગ કરી જિલ્લામાં બાળ જાતિ જન્મદરમાં સુધારો આવે તે માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તેવી ટકોર પણ કરી છે.




૧૧મો રાષ્ટ્રીય મતદાતા દિવસ

૨૫ જાન્યુઆરી ૨૦૨૧

માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં

Virtual કાર્યક્રમઃ સવારે ૧૧.૦૦ વાગ્યાથી

www.ceo.gujarat.gov.in

e-EPIC સુવિધાનો શુભારંભ


મતદારયાદી સુધારણા - ૨૦૨૧ દરમ્યાન નવા નોંધાયેલ યુનિક મોબાઈલ નંબર વાળા મતદારોને ૨૫ થી ૩૧ જાન્યુઆરી સુધી e-EPIC ની સુવિધા.
ફેબ્રુઆરી મહિનાથી દરેક મતદારને e-EPIC ની સુવિધા ઉપલબ્ધ થશે.
ચૂંટણી પંચના વોટર પોર્ટલ અથવા www.nvsp.in અથવા વોટર હેલ્પલાઇન એપ પર e-EPIC ડાઉનલોડ કરી શકાશે.

ક્લિક પર EPIC | ઈ-વોટર કાર્ડ થયું ડિજિટલ

વધુ સુદ્રઢ બની રહ્યું છે ચૂંટણી તંત્ર, અપનાવી ટેકનોલોજીનો મંત્ર

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત

www.ceo.gujarat.gov.in CEOGujarat CEOGujarat gujaratceo

ઉગતો સૂર્ય હંમેશા કંઈક નવીન લઈને આવે છે. આપણી આસપાસ ધબકતું જીવન ચઢતા સૂર્યના સથવારે વધુને વધુ જીવંત બનતું જાય છે. ઘોર અંધકારની નિરાશાઓને ખંખેરીને જાણે સમગ્ર જીવ સૃષ્ટિ ઉભી થાય છે. હજુ તો મનુષ્યો આળસ ખંખેરીને પથારીમાં બેઠો થાય તે પહેલા પક્ષીઓ પોતાના કામે વળગી જાય છે. શુભ સવારને વધાવતા પક્ષીઓ સુર્યોદય પહેલા જ દિનચર્યામાં મશગુલ થઈ જાય છે.




દુઃખદ અવસાન

અમારા પૂજ્ય માતૃશ્રી અને વડિલ
મનીષાબેન હિંમતભાઈ કારીઆ
(ઉ.વ.૭૧)તા.૨૩-૧-૨૧ને શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૨૫-૧-૨૧ને સોમવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે રાખેલ છે.

લિ. જયંતિલાલ દેવશીભાઈ કારીઆ પરિવાર

ઉમંગ હિંમતભાઈ કારીઆ
કાજલ ઉમંગ કારીઆ
ઝંખના રૂપેશકુમાર સચદેવ
પલક આશિષકુમાર વિઠલાણી
મેઘા હિતેષકુમાર ઠક્કર

સ્વ. હિંમતભાઈ જ. કારીઆ
શશીભાઈ જ. કારીઆ
શૈલેશભાઈ જ. કારીઆ
રમેશભાઈ જ. કારીઆ
અનેરી મિતેષકુમાર ઠક્કર

કિઆન ઉમંગ કારીઆ

94294 25017 70160 91992


# હવે એક દિવસમાં જ રૂ.૧૦ મળશે જન્મ-મરણના પ્રમાણપત્રોની નકલ

ગાંધીનગર,તા.૨૪

રાજ્યમાં ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે મળતી વિવિધ સેવાઓ અને પ્રમાણપત્રો નાગરિકોને હવેથી એક જ દિવસમાં મળી રહેશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સેવાઓ મેળવવા માટે ગ્રામ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જેમાં દસ રૂપિયાના દરથી નાગરિકોને જન્મ મરણના પ્રમાણપત્રોની નકલ અરજદારને એક જ દિવસમાં મળી રહેશે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ઠરાવ કરવામાં આવ્યો છે કે, રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગ્રામ યોજના હેઠળ અમલમાં છે.

ઈન્ફર્મેશન ટેક્નોલોજીના માધ્યમથી શરૂ કરવી લોક ઉપયોગી સેવાઓ ગામડે ગામડે ગ્રામ યોજના મારફત મળી રહી છે. ગત વર્ષ ૨૦૦૭-૦૮થી અમલમાં આ સેવાઓ છે પરંતુ રાજ્યમાં વહીવટી પારદર્શકતા વધે અને વ્યક્તિલક્ષી સેવાઓના ઉકેલ ઝડપથી થાય તે હેતુથી રાજ્ય સરકારે ડિજિટલ સેવા સેતુ પણ અમલમાં મૂક્યો છે.બીજીતરફ નાગરિકોને જન્મ-મરણના પ્રમાણપત્રોની નકલ ઈ-ગ્રામ કેન્દ્રો ઉપરથી તાત્કાલિક મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા એવું નક્કી કરવામાં આવી છે કે આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની સેવાઓ ઈ-ગ્રામ કેન્દ્રો ઉપરથી એક જ દિવસમાં આપવાની રહેશે સરકારના આદેશ બાદ હવે જન્મ અને મરણના પ્રમાણપત્રની સેવાઓ અરજદારને તાત્કાલિક જ દિવસમાં મળી રહેશે.


www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com